(૧૫)

**પ્ર.૧ (અ) પાઠપૂર્તિ કરો. – વત્થ પડિગ્ગહ કંબલ પાયપુચ્છણેણં પાઢિયારુ પીઢ ફલગ સિજ્જા**

**(આ) અર્થ લખો.** **જવાબ** **જવાબ**

| | | | |
|---|---|---|---|
| ૧. તાવ | **ત્યાં સુધી** | ૨. પડિક્કમણં | **પ્રતિક્રમણ** |
| ૩. સંસુદ્ધં | **પૂર્ણ શુદ્ધ અર્થાત્ નિષ્કલંક છે** | ૪. ભંડોવગરણસ્સ | **પાત્ર અને વસ્ત્ર આદિ ઉપધિની** |
| ૫. કંબલ | **કંબલ (કામળી)** | ૬. તેનાહડે | **ચોરાઉ વસ્તુ લીધી હોય** |

**(ઇ) માત્ર સંખ્યા લખો.**

અરિહંતના લક્ષણ – **૧૦૦૮** મહાવ્રતના અતિચાર – **૧૨૫** કાયાના દોષ – **૧૨**

વિરાધના – **૩/૧૦** આશાતના – **૩૩** તપ – **૧૨**

**(ઈ) કયા પાઠમાં આવે છે?**

પાસં – **સામાયિકના પાંચમા પાઠમાં** ભયે – **આલોયણા સૂત્રમાં** દસાકપ્પ – **ચોથા શ્રમણસૂત્રમાં**

લબ્ધિ – **માંગલિકમાં, આલોચનામાં** સંવેગ – **પ્રતિક્રમણ સમાપ્તિ સૂત્રમાં** ભૂએસુ – **ક્ષમાપના સૂત્રમાં**

**(ઉ)** ચોથા શ્રમણસૂત્રમાં કેટલા અને કયા આગમો આવેલા છે? તે અંગ છે કે છેદ? તે લખો.

**જ. ચોથા શ્રમણસૂત્રમાં આચારાંગ સૂત્ર, સૂયગડાંગ સૂત્ર, જ્ઞાતાધર્મકથા એ ત્રણ અંગ સૂત્ર છે.**
**દશાશ્રુતસ્કંધ સૂત્ર, બૃહતકલ્પ સૂત્ર, વ્યવહાર સૂત્ર, નિશીથ સૂત્ર એ ચાર છેદ સૂત્ર છે.**

(૫૫)

**પ્ર.૨ (અ) ગુણસ્થાનના આધારે જવાબ લખો.** **(૪૦)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૨૫)**

૧. નવમા ગુણસ્થાનનો લક્ષણ દ્વાર લખો. (૫)

**જ. જે ગુણસ્થાનમાં સમ સમ્યવર્તી જીવોના પરિણામમાં સમાનતા હોય તથા બાદર સંજ્વલન કષાયનો ઉદય હોય તેને અનિવર્તિ બાદર ગુણસ્થાન કહેવાય છે.**

**પ્રકૃતિ : ક્ષપક શ્રેણીવાળા સંજ્વલન લોભ સિવાયની હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, દુ:ગંછા, સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદ, સંજ્વલન ક્રોધ, સંજ્વલન માન, સંજ્વલન માયા એ ૧૨ અને પૂર્વેની ૧૫ એમ કુલ મોહનીયની ૨૭ પ્રકૃતિનો ક્ષય કરે. ઉપશમ શ્રેણીવાળા એ ૨૭ પ્રકૃતિનો ઉપશમ કરે.**

**ગુણ : જીવ, અજીવ આદિ નવ તત્ત્વ દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી, નવકારશીથી છ માસ સુધીનું તપ નિર્વિકાર, અમાયી, વિષય નિર્વાંછાપણે જાણે, શ્રદ્ધે, પ્રરૂપે તથા શક્તિ પ્રમાણે પાલન કરે.**

**ફળ : આ ગુણસ્થાન એક ભવમાં જઘન્ય એક વાર ઉત્કૃષ્ટ ચાર વાર આવે. ઘણા ભવમાં જઘન્ય બે વાર ઉ. નવ વાર આવે. તે જીવ જઘન્ય તે જ ભવે ઉત્કૃષ્ટ ત્રીજે ભવે મોક્ષમાં જાય.**

**ગતિ : શ્રેણીમાં કાળ કરે તો પાંચ અનુત્તર વિમાનમાં ઉપજે.**

૨. મોહનીય કર્મના ઉદયે કેટલા અને કયા પરિષહ કયા ગુણસ્થાન સુધી હોય? (૪×૫)

**જ. મોહનીય કર્મના ઉદયે ૮ પરિષહ લાભે. દર્શન મોહનીયના ઉદયે એક દંસણનો અને ચારિત્ર મોહનીયના ઉદયે સાત તે અચેલ, અરતિ, સ્ત્રી, બેસવાનો, આક્રોશ વચનનો, યાચના, સત્કાર–પુરસ્કાર. દંસણનો સાતમા ગુણસ્થાન સુધી હોય. અચેલ, અરતિ અને બેસવાનો આઠમા ગુણસ્થાન સુધી હોય. સ્ત્રી, આક્રોશ વચનનો, યાચના અને સત્કાર–પુરસ્કારનો નવમા ગુણસ્થાન સુધી હોય.**

૩. છટ્ઠા ગુણ. સમકિત, પહેલા ગુણ. માર્ગણા, બીજા ગુણ. આત્મા, તેરમા ગુણ. નિર્જરા, ચોથા ગુણ. લેશ્યા, ચૌદમા ગુણ. ચારિત્ર, સાતમા ગુણ. વેદ, ત્રીજા ગુણ. ઉપયોગ કેટલા? માત્ર સંખ્યા લખો.

**જ. છટ્ઠા ગુણ. સમકિત – ૪, પહેલા ગુણ. માર્ગણા – ૪, બીજા ગુણ. આત્મા – ૭, તેરમા ગુણ. નિર્જરા – ૪, ચોથા ગુણ. લેશ્યા – ૬, ચૌદમા ગુણ. ચારિત્ર – ૧, સાતમા ગુણ. વેદ – ૮, ત્રીજા ગુણ. ઉપયોગ – ૬.**

૪. ત્રીજા ગુણસ્થાને જીવના ભેદ, સાતમા ગુણસ્થાને ક્રિયા, પાંચમા ગુણસ્થાને જીવાયોનિ અને ઉપશમ શ્રેણીમાં

ઉપશમ સમકિતીને અગિયારમા ગુણસ્થાને ભાવ કેટલા અને કયા કયા?

**જ. ત્રીજા ગુણસ્થાને જીવના ભેદ – ૧ સંજ્ઞી પંચેન્દ્રિયનો પર્યાપ્તો, સાતમા ગુણસ્થાને ક્રિયા – ૧૫ ઈરિયાવહિયા, મિચ્છાદંસણ વત્તિયા, અપચ્ચક્ખાણ વત્તિયા, પરિગ્ગહિયા, કાઈયા આદિ ૫, આરંભિયા એ ૧૦ વર્જીને, પાંચમા ગુણસ્થાને જીવાયોનિ – ૧૮ લાખ તે ૪ લાખ તિર્યંચ પંચેન્દ્રિય ને ૧૪ લાખ મનુષ્ય, ઉપશમ શ્રેણીમાં ઉપશમ સમકિતીને અગિયારમા ગુણસ્થાને ભાવ – ૪ ઉદય, ઉપશમ, ક્ષાયિક, ક્ષયોપશમ, પારિણામિક.**

૫. લેશ્યા દ્વાર અને અંતર દ્વાર લખો.

**લેશ્યા દ્વાર – ૧ થી ૬ ગુણસ્થાનવાળાને છ લેશ્યા કૃષ્ણ, નીલ, કાપોત, તેજો, પદ્મ, શુક્લ લેશ્યા. સાતમા ગુણસ્થાને ત્રણ લેશ્યા તે તેજો, પદ્મ, શુક્લ લેશ્યા (ત્રણ શુભ લેશ્યા), ૮ થી ૧૨ ગુણસ્થાને ૧ લેશ્યા શુક્લ લેશ્યા, ૧૩ મે ગુણસ્થાને ૧ લેશ્યા પરમ શુક્લ લેશ્યા, ૧૪ મે ગુણસ્થાને અલેશી.**

**અંતર દ્વાર – પહેલે ગુણસ્થાને જ. અંત. ઉ. ૬૬ સાગર ઝાઝેરાનું, ૨ થી ૧૧ ગુણસ્થાનનું અંતર જ. અંત. ઉ. દેશે ઊણું અર્ધ પુદ્‌ગલ પરાવર્તન, ૧૨ મે–૧૩મે–૧૪મે ગુણસ્થાને આંતરું નથી. એક જીવ આશ્રી.**

૬. મોક્ષમાં જવા માટે કયું સંઘયણ જોઈએ? જે ગુણસ્થાને માત્ર સંજ્ઞી પંચેન્દ્રિયના પર્યાપ્તા હોય તે ગુણસ્થાનના દંડક અને સમકિત લખો. મોહનીયની સત્તા કયા ગુણસ્થાન સુધી?

**જ. મોક્ષમાં જવા માટે વજ્રઋષભનારાચ સંઘયણ જોઈએ. ત્રીજા ગુણસ્થાને ૧૬ દંડક તે ૫ સ્થાવર, ૩ વિકલેન્દ્રિય વર્જીને ૧૬ દંડક, પાંચમા ગુણસ્થાને ૨ દંડક તે તિર્યંચ પંચેન્દ્રિય, મનુષ્ય, ૬ થી ૧૪ ગુણસ્થાને ૧ મનુષ્યનો દંડક.**

**ત્રીજા ગુણસ્થાને સમકિત નથી. ૫ થી ૭ ગુણસ્થાને ૪ સમકિત તે ઉપશમ, ક્ષયોપશમ, વેદક, ક્ષાયિક.**
**૮ થી ૧૧ ગુણસ્થાને ઉપશમ અને ક્ષાયિક સમકિત, ૧૨ થી ૧૪ ગુણસ્થાને ક્ષાયિક સમકિત.**
**મોહનીયની સત્તા ૧૧ મા ગુણસ્થાન સુધી હોય.**

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો. (૫)**

૧. કર્મબંધના મૂળ હેતુ કેટલા? કયા? ઉત્તર હેતુની માત્ર સંખ્યા લખો.

**જ. કર્મબંધના મૂળ હેતુ પાંચ તે મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, યોગ. ઉત્તર હેતુ ૫૭ છે.**

૨. લોકના અસંખ્યાતમે ભાગે કયા ગુણસ્થાન હોય?

**જ. લોકના અસંખ્યાતમે ભાગે ૩ જું, ૭ થી ૧૨, ૧૪ મું ગુણસ્થાન હોય.**

૩. નવમા ગુણસ્થાને કેટલા જીવ હોય? પાંચમા ગુણસ્થાને યોગ કયા?

**જ. નવમા ગુણ. પ્રત્યેક સો (૨૦૦ થી ૯૦૦) જીવ હોય. પાંચમા ગુણ. યોગ ૧૨ ૨ આહારકના અને ૧ કાર્મણનો વર્જીને.**

૪. કયા ગુણસ્થાને ઉદીરણા અને અંતર ન હોય?

**જ. ૧૪ મા ગુણસ્થાને ઉદીરણા ન હોય અને ૧૨ થી ૧૪ ગુણસ્થાને અંતર ન હોય.**

૫. દેશે ઊણું ક્રોડપૂર્વની સ્થિતિવાળા ગુણસ્થાન કેટલા અને કયા?

**જ. દેશે ઊણું ક્રોડપૂર્વની સ્થિતિવાળા ગુણસ્થાન ત્રણ તે પાંચમું, છટ્ઠું, તેરમું ગુણસ્થાન.**

**(૩) નીચેનામાં કેટલા અને કયા ગુણસ્થાન હોય? (૫)**

૧. ઉત્તરકુરુ – **૨ ગુણસ્થાન પહેલું અને ચોથું**

૨. માઘવતી નારકી – **૪ ગુણસ્થાન તે ૧ થી ૪**

૩. માખી – **૨ ગુણસ્થાન પહેલું અને બીજું**

૪. ચરમ શરીરી – **૧૩ ગુણસ્થાન તે ૧૧ મું વર્જીને**

૫. ક્ષપક શ્રેણી ઉપશમ સમકિત – **ક્ષપક શ્રેણીમાં ઉપશમ સમકિત ન હોય.**

**(૪) ખાલી જગ્યા પૂરો. (૫)**

| | જવાબ |
|---|---|
| ૧. છટ્ઠે ગુણસ્થાને ...... અને ...... ધ્યાન હોય. | **આર્ત્તધ્યાન, ધર્મધ્યાન** |
| ૨. તેરમે ગુણસ્થાને ...... અને ...... કર્મની ઉદીરણા હોય. | **નામ, ગોત્ર** |
| ૩. શ્રાવક ૨૧ ગુણ સહિત ...... અને ...... હોય. | **દઢધર્મી, પ્રિયધર્મી** |

| | |
|---|---|
| ૪. પાંચ ભૂત ...... તેના દ્વારા ...... ઉપજે. | **જડ, ચૈતન્ય** |
| ૫. આત્માના ...... કે ...... ની ક્રમિક અવસ્થા. | **વિકાસ, પતન** |

**(આ) જીવ પરિણામ પદ – અજીવ પરિણામ પદના આધારે જવાબ લખો. (૧૫)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૨)**

૧. નીચેનામાં કેટલા અને કયા પરિણામ હોય? (૪)
અંબમાં જ્ઞાન, ત્રીજી નરકમાં લેશ્યા, શંખમાં યોગ, મહાવિદેહમાં ચારિત્ર.

**જ. અંબમાં જ્ઞાન – ૩ અજ્ઞાન ત્રીજી નરકમાં લેશ્યા – ૨ નીલ, કાપોત**
**શંખમાં યોગ – ૪, ૨ ઔદારિક, ૧ વ્યવહાર વચનયોગ અને ૧ કાર્મણ**
**મહાવિદેહમાં ચારિત્ર – ૫, સામાયિક, સૂક્ષ્મ સંપરાય, યથાખ્યાત, દેશવિરતિ, અવિરતિ**

૨. બંધન એટલે શું? તેના ભેદ લખો. સ્નિગ્ધનું સ્નિગ્ધ સાથે બંધન ક્યારે થાય? (૨×૪)

**જ. અજીવમાં બે પરમાણુ પુદ્ગલથી માંડીને અનંત પ્રદેશી પુદ્ગલનું જોડાવું તે બંધન છે. તેના બે ભેદ સ્નિગ્ધ અને રૂક્ષ. સ્નિગ્ધનું સ્નિગ્ધ સાથે બે કે તેથી અધિક ગુણ અધિક અંતર હોય તો બંધન થાય.**

૩. પુદ્ગલમાંથી મોહ શા માટે દૂર કરવો?

**જ. જે પુદ્ગલ આજે શુભ વર્ણ, ગંધ, રસ, સ્પર્શરૂપે છે તે જ પુદ્ગલનું પરિણમન અશુભમાં થઈ જશે. માટે તે પુદ્ગલો જીવને સુખરૂપ કે શરણરૂપ થતા નથી. માટે તેમાંથી મોહ દૂર કરવો.**

૪. સંમૂર્ચ્છિમ મનુષ્યમાં કેટલા અને કયા પરિણામ હોય?

**જ. સંમૂર્ચ્છિમ મનુષ્યમાં ૨૧ પરિણામ હોય. ગતિ ૧ મનુષ્ય, ઈન્દ્રિય ૫ અનિન્દ્રિય વર્જીને, કષાય ૪ અકષાય વર્જીને, લેશ્યા ૩ અશુભ, યોગ ૧ કાયયોગ, ઉપયોગ ૨ સાકાર–અનાકાર, જ્ઞાન ૨ મતિઅજ્ઞાન–શ્રુતઅજ્ઞાન દષ્ટિ ૧ મિથ્યાત્વ, ચારિત્ર ૧ અવિરતિ, વેદ ૧ નપુંસક.**

૫. ખંડ ભેદ અને વટ્ટ સંસ્થાન એટલે શું?

**જ. ખંડ ભેદ – કટકાની જેમ. લોઢું, ચાંદી, સીસું, સોના, ચાંદી વગેરેના ટુકડાના રૂપમાં જે ભેદ થાય છે તે ખંડ ભેદ. વટ્ટ સંસ્થાન – રૂપિયાનો સિક્કો કે લાડવાના આકારે. (ઘન, વટ્ટ વચ્ચે પોલાણ ન હોય) જઘન્ય પાંચ આકાશ પ્રદેશ.**

**(૨) ખાલી જગ્યા પૂરો. (૩)**

| | **જવાબ** |
|---|---|
| ૧. જીવ પરિણામ ...... પ્રકારના છે. કુલ પરિણામ ...... છે. | **૧૦, ૫૦** |
| ૨. પુદ્ગલની ......, ...... નો ત્યાગ કરવો. | **આસક્તિ, પ્રીતિ** |
| ૩. પર્યાયના ...... થી થવાવાળી અવસ્થા તે ...... . | **પરિવર્તન, જીવ પરિણામ** |

**(૧૦)**

**પ્ર.૩ સંસ્કાર વિભાગના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. નાના જ્યારે અવિનય કરે ત્યારે શું ન વિચારવું? (કોઈપણ ૩ મુદ્દા)

**જ. મેં ઘણા કષ્ટો સહન કરીને ભણાવ્યા, ગણાવ્યા છતાં મારી સાથે આવું વર્તન કરે છે. ૨) હું કહું તે કેમ ન માને? મારી સામે કેમ બોલે? ૩) કોઈપણ કાર્ય મને પૂછ્યા વગર કેમ કરે? ૪) હિત માટે કહેવા છતાં પણ હિતશિક્ષા સાંભળવા કોઈ તૈયાર નથી. ૫) મારી બધી અપેક્ષાઓ અને આશાઓ પર પાણી ફરી વળ્યું છે. ૬) પુત્રવધૂ આવ્યા ત્યારથી ઘરમાં શાંતિ નથી.**

૨. સંતાનોને ન બગાડું તે સમજાવો.

**જ. સંતાનોનું હિત શેમાં છે? એ સુખી કઈ રીતે થાય? તે વિચારું. ધનના ઢગલા, ભોગના ખડકલા, મોજશોખના સાધનો આપી, ખોટા લાડ લડાવી સંતાનની જીદ્દો પૂરી ન કરું. સંતાનોને વિનીત, સંસ્કારી, સંયમિત, નિયંત્રિત, ધર્મી બનાવું. સંતાનોને મારો સમય આપી, સંબંધોની કિંમત સમજાવું.**

૩. આપણું જીવન સફળ ક્યારે થાય? અશાંતિ ક્યારે મળે? વિનય શું છે? પરસ્પરના વિનયથી શું થાય?

**જ. વડીલોને સમાધિ આપીએ તો આપણું જીવન સફળ થાય. વડીલોના હૃદય બાળીએ તો અશાંતે મળે. વિનય ધર્મરૂપી વૃક્ષનું મૂળ છે. પરસ્પરના વિનય વ્યવહારથી શાંતિ રહે છે.**

૪. ક્રોધથી બચવાનો સરળ ઉપાય શું છે? ક્રોધથી મનને શું નુકસાન થાય? ક્રોધના નિમિત્ત કેવી રીતે ઘટે?

**જ. ક્રોધથી બચવાનો સરળ ઉપાય છે પહેલા મગજને ઠંડું પડવા દો, પછી બોલો. ક્રોધથી મનને થતા નુકસાન– અશાંતિ, ઉદ્વેગ, અજંપો, આર્તધ્યાન. લાવો ને બદલે ચલાવો એમ વિચારવાથી ક્રોધના નિમિત્ત ઘટે.**

૫. માન ક્યારે પોષાય છે? માનથી બચવા શું કરવું? વિનય વ્યવહાર વધે તો શું થાય?

**જ. બીજાને નીચું જોવડાવવામાં, હુકમો કરવામાં માન જ પોષાય છે. માનથી બચવા ગમે તે પરિસ્થિતિ સ્વીકારવી પરંતુ હુકમ કરાય નહીં. વિનય વ્યવહાર વધારીએ તો માન, અહંકાર, મોટાઈ ઘટતા જાય.**

**(૧૦)**

**પ્ર.૪ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. રેવતી માંસભક્ષણમાં શું રહેતી હતી?

**જ. રેવતી માંસભક્ષણમાં લોલુપ, આસક્ત, લુબ્ધ તથા તત્પર રહેતી હતી.**

**૨. મહાશતક પાસે કેટલા ગોકુળ હતા? તેમાં કેટલી ગાયો હતી?**

**જ. મહાશતક પાસે આઠ ગોકુળ હતા. તેમાં એક ગોકુળમાં ૧૦૦૦૦ એટલે ૮ ગોકુળમાં ૮૦૦૦૦ ગાયો હતી.**

૩. મહાશતકને કઈ દિશામાં ૧૦૦૦ યોજનનું અવધિજ્ઞાન થયું હતું?

**જ. મહાશતકને પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણ દિશામાં ૧૦૦૦ યોજનનું અવધિજ્ઞાન થયું હતું.**

૪. આસક્તિનો ભાવ કોણ જાગૃત કરે છે?

**જ. પાંચ ઈન્દ્રિયોના વિષયનું સતત ચિંતન આસક્તિનો ભાવ જાગૃત કરે છે.**

૫. રેવતી મરીને ક્યાં ઉત્પન્ન થઈ? ત્યાં તેની સ્થિતિ કેટલી?

**જ. રેવતી મરીને પ્રથમ નરકમાં ઉત્પન્ન થઈ. ત્યાં તેની સ્થિતિ ૮૪૦૦૦ વર્ષની છે.**

૬. લવણસમુદ્રના દેવ કોણ હતા? ત્યાં દ્વીપ કયો હતો?

**જ. લવણસમુદ્રના દેવ સુસ્થિત હતા. ત્યાં રત્નદ્વીપ હતો.**

૭. રયણાદેવી કેવી હતી?

**જ. રયણાદેવી પાપિણી, ભયંકર, તુચ્છ સ્વભાવવાળી અને સાહસિક હતી.**

૮. જિનપાલ–જિનરક્ષિત મદદ માટે કોની પાસે ગયા? ઘરે સહી–સલામત કોણ પહોંચ્યું?

**જ. જિનપાલ–જિનરક્ષિત મદદ માટે શૈલક યક્ષ પાસે ગયા, ઘરે સહી–સલામત જિનપાલ પહોંચ્યા.**

૯. જિનપાલ અત્યારે ક્યાં છે? ત્યાં તેમની સ્થિતિ કેટલી છે?

**જ. જિનપાલ અત્યારે સુધર્મ દેવલોકમાં છે. ત્યાં તેમની સ્થિતિ બે સાગરની છે.**

૧૦. જિનપાલ–જિનરક્ષિતનું અધ્યયન શેનો બોધ આપે છે?

**જ. જિનપાલ–જિનરક્ષિતનું અધ્યયન પાંચ ઈન્દ્રિયમાં આસક્ત ન થવાનો બોધ આપે છે.**

**(૧૦)**

**પ્ર.૫ નીચેના કાવ્યની પૂર્તિ કરો.**

૧. જેની સમતાના **ગાન મળે જગતમાં માન, મહાસંત…ક્યારે થઈશું…**
**ગોવાળે કાનમાં ભોંક્યા ખીલા, તો યે રોષ ન કરે રંગીલા, ધીર, વીર ગંભીર, મૂકે ચરણોમાં શીશ.**

૨. લોકો **કહે છે ધનથી જીવાય છે, વીતરાગ કહે છે જ્ઞાનથી જીવાય છે,**
**જ્ઞાનને ઠોસ કરવા, દુનિયાથી જુદું જીવવું છે. હું તો માનું છું, હું જે સમજું છું, જ્ઞાની કહે છે,** ભ્રમમાં જીવે છે તું.

૩. ગુરુ કહે **કહે તો તપ જપ કરતા, શ્રાવક વ્રત અવધારું,**
**ગુરુ કહે તો સંસાર છોડી, સંયમને સ્વીકારું, ગુરૂકૃપા પ્રભાવે મારે, મુક્તિપુરમાં** જાવું.

૪. કાદવમાં **ખરડીને કાયા, પાછો ધોવા બેઠો, માયામાં ડૂબકી મારીને, એવો તરવા બેઠો,**
**ખબર નથી કે એક દિવસ, આ ભવસાગર** ડૂબવાનો.